અપીલ અરજી નં.૭૦૪ તા.૨૩–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રવિસિંહ ડી. તંત્રી
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રવિસિંહ ડી. તંત્રીની તા. ૨૩–૦૧–૧૨ની અરજીથી પ્લોટ નં. ૨૬માં સમ્રાટ ટાઉન શીપ, સમ્રાટ સ્કુલ(વિદ્યાલય)ની બાજુમાં પર્વત પાટિયા, સુરત. (સમ્રાટ સ્કુલની ગલીમાં કરવામાં આવેલ બાંધકામ બાબતે) ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી લીધી છે કે કેમ ? જો હા હોય તો મુદ્દા નં. (૧) રજાચિટ્ઠીની નકલ આપવી (૨) તેના આર્કિટેકનું નામ આપો વિ. મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૩–૧૨ ની SMC/FAP/ નં.૭૦૪ /૨૦૧૧–૧૨

શ્રી રવિસિંહ ડી. તંત્રીની તા. ૨૩–૦૧–૧૨ની અરજીથી પ્લોટ નં. ૨૬માં સમ્રાટ ટાઉન શીપ, સમ્રાટ સ્કુલ(વિદ્યાલય)ની બાજુમાં પર્વત પાટિયા, સુરત. (સમ્રાટ સ્કુલની ગલીમાં કરવામાં આવેલ બાંધકામ બાબતે) ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી લીધી છે કે કેમ ? જો હા હોય તો મુદ્દા નં. (૧) રજાચિટ્ઠીની નકલ આપવી (૨) તેના આર્કિટેકનું નામ આપો વિ. મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૧૧૪ તા. ૨૯–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને એક માસની વિલંબીત અપીલ માટે વાજબીપણું રજૂ કરવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે તો અને તે બાદ નારાજગી હોય તો આધાર સહ આપનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૨૩–૪–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૩–૦૧–૧૨ની અરજીથી પ્લોટ નં. ૨૬માં સમ્રાટ ટાઉન શીપ, સમ્રાટ સ્કુલ (વિદ્યાલય)ની બાજુમાં પર્વત પાટિયા, સુરત. (સમ્રાટ સ્કુલની ગલીમાં કરવામાં આવેલ બાંધકામ બાબતે) ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી લીધી છે કે કેમ ? જો હા હોય તો મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૧૪૧૨ તા. ૨૭–૧–૧૨ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) રજાચિટ્ઠીની નકલ આપવી (૨) તેના આર્કિટેકનું નામ આપો (૩) મિલકતધારકનું નામ આપો(૪) કેટલા માળની પરવાનગી આપવામાં આવી છે (૫) તેમાં દુકાન માટેનું કોઈ અલગ પરવાનગી આપવામાં આવી છે કે કેમ ? (૬) એ ગેરકાયદેસર હોય તો તેના પર આજદિન સુધીમાં શી શી કાર્યવાહી કરવામાં આવી છે (૭) મિલકતધારકને નોટીસ આપવામાં આવી છે કે કેમ ? જો હા હોય તો તેની નકલ આપવી (૮) તેમાં પાર્કિંગ સ્થળ છે કે કેમ ? જો હા હોય તો વિગતવાર માહિતી આપવા વિનંતી. આપો. જે અંગે અરજદારે કોઈ જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી તા. ૨૩–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં મને કોઈપણ જાતની માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ પણ માહિતી કે નિર્ણય આપેલ જણાતો નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૩–૩–૧૨ ધ્યાને લેતાં ૨૧–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ,સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રવિસિંહ ડી. તંત્રી,